## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




ભાઈ, તુ તારું છોડ... તારું સાંભળવા દેશભરના નેતા આવવાના જ છે...!! મારું સાંભળ... તારી વાઈફને કહે રહ્યા બનાવે... પછી તને કહુ કે મારી પાર્ટીવાળાએ મારા પર કેટલા અત્યાચાર કર્યા છે...!!!

# ગાંધીનગરમાં આવતીકાલે દલિત આક્રોશ રેલી

## મોટી સંખ્યામાં દલિતો જોડાશે : રેલી ઘ-૦ થી સત્યાગ્રહ છાવણી સે. ૬ સુધી પહોંચશે

ગાંધીનગર, તા. ૨૫

ઉના તાલુકાના સમઢીયાળા ગામના સાત દલિત યુવાનોને ઢોર માર મારવાની અમાનુષી અત્યાચારના ઘેરા પડઘા સમગ્ર દેશમાં પડ્યા છે. ત્યારે પાટનગર ગાંધીનગર અને જિલ્લાના દલિતોમાં પણ આક્રોશ ભભુકી ઉઠ્યો છે. દલિતો પરની આ ઘટનાને લઈ ગાંધીનગરના દલિત એકતા મંચ દ્વારા તા. ૨૭મી જુલાઈને બુધવારે દલિત આક્રોશ મહારેલીનું ગાંધીનગરમાં આયોજન કરવામાં આવ્યું છે.

ગાંધીનગર દલિત એકતા મંચના અગ્રણીઓ દ્વારા તદ્દન બીન રાજકીય રીતે રેલી યોજવાનુ નક્કી કરાયું છે. તા. ૨૭મી જુલાઈને બુધવારના રોજ બપોરે ૨ કલાકે ગાંધીનગર ઘ-૦ થી સત્યાગ્રહ છાવણી સેક્ટર-૬ સુધી આ દલિત આક્રોશ રેલી યોજાશે. જેમાં વધુ ને વધુ ગામ, ગામના દલિત બંધુઓ જોડાય, મહિલાઓ થાળી વેલણ સાથે આવે અને રેલી શિસ્તબદ્ધ અને અહિંસક રીતે કાયદાના પરિપેક્ષમાં રહી રેલીમાં જોડાવવા અનુરોધ કરવામાં આવ્યો છે.

સોમનાથ જિલ્લાના ઉના તાલુકાના સમઢીયાળા ગામના સાત દલિતોને અમાનુષી ઢોર માર મારવાની ઘટના બની છે. જેને દલિત સેનાએ વખોડી કાઢી છે. તેના વિરોધમાં દલિત સમાજના અગ્રણી એકત્રિત થઈ દલિત એકતા મંચની રચના કરી આગામી તા. ૨૭મી જુલાઈના રોજ બપોરે ૨.૦૦ કલાકે દલિત આક્રોશ રેલીનું આયોજન કરવામાં આવ્યું છે. આ દલિત આક્રોશ રેલી ઘ-૦ થી સત્યાગ્રહ છાવણી, સેક્ટર-૬ સુધી યોજાશે.

ગાંધીનગર જિલ્લા દલિત સેનાના ઉપપ્રમુખ જયંતીલાલ છત્રારીયાએ જણાવ્યું છે કે દલિત સેનાએ ધરણાનો કાર્યક્રમ રદ કરી એકતા અને સંગઠન પ્રદર્શિત કરવા સમાજના આગેવાનો સાથે જોડાવા સંમત થતા દલિતસેના-દલિત આક્રોશ રેલીમાં જોડાશે. આ રેલીમાં પ્રદેશના પદાધિકારી અને દલિત સેનાના કાર્યકરો જોડાશે તેથી આ દલિત આક્રોશ રેલીમાં દલિત અગ્રણીઓને અને પ્રજાજનોને જોડાવા દલિતસેના પ્રમુખ બાબુભાઈ મેસરવાલાએ અનુરોધ કર્યો છે.

# ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં પ્રસુતા મહિલાઓ જમીન પર સુવા માટે મજબુર...!

## સરકારની આંખ સામે દર્દથી કણસી રહેલી મહિલાઓ તેમજ બાળકોની આ સ્થિતી છે

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ત્રીજા માળે આવેલા ગાયનેક વોર્ડમાં મહિલાઓ તેમજ નવજાત બાળકોને જમીન પર સુઈને સારવાર લેવાની ફરજ પડી રહી છે. ગાયનેક વોર્ડ દર્દીઓથી ઉભરાય છે. ગાયનેક વોર્ડમાં ૩૦ બેડની સામે વધુ દર્દીઓને પગલે આ પરિસ્થિતિ નિર્માણ થવા પામી છે. પરંતુ હોસ્પિટલ તંત્ર જાણે અજાણ હોય તેવું લાગી રહ્યું છે. હાઈટેક અને આધુનિક હોસ્પિટલમાં કરોડો રૂપીયાનો ખર્ચ કરવા છતા પ્રસુતા મહિલાઓ તેમજ નવજાત શિશુને જન્મતાવેત આ પરિસ્થિતીનો સામનો કરવો પડે છે તે ખરેખર દયનીય છે. ગાંધીનગર હોસ્પિટલના સતાધિશો વીવીઆઈપી નેતાઓ અને અધિકારીઓની સેવા ચાકરી કરવા બેઠા હોય તેવું લાગી રહ્યું છે. હોસ્પિટલ તંત્રના રાઉન્ડમાં નીચે સુઈ રહેલી પ્રસુતા મહિલા દર્દીઓ નજરે પડતી નથી કે શું...?

ગાંધીનગર મેડીકલ કોલેજ સંચાલિત હોસ્પિટલમાં દર્દીઓને સારવારમાં સુવિધાના નામે મીંડુ છે. રોજ નવી સમસ્યાના ધાંધિયા બહાર આવે છે. પરંતુ ૬૦૦ બેડની અત્યંત આધુનિક હોસ્પિટલ તૈયાર કરાઈ છે. એનએબીએચ પ્રમાણિત હોસ્પિટલમાં દર્દીઓને નીચે સુઈને સારવાર લેવાનો વારો આવ્યો છે. તે પણ પ્રસુતા મહિલાઓને પોતાના બાળક સાથે... દયનીય હાલતમાં દર્દથી કણસી રહેલી મહિલાઓ પોતાના નવજાત બાળક સાથે સારવાર લઈને સરકારી સિવિલ છે અહી તો આવુ જ હોય તેવો અહેસાસ કરી રહી છે. રાજ્ય સરકાર દ્વારા આરોગ્યલક્ષી વિવિધ યોજનાઓ બહાર પાડવામાં આવે છે. રાજયના મુખ્યમંત્રી સતત છેવાડાના નાગરીકો સુધી આરોગ્ય સેવા પહોંચે તે દિશામાં પ્રયત્નો હાથ ધરી રહ્યા છે. નાનુ બાળક કુપોષણનો ભોગ ના બને તે માટે સરકાર દ્વારા ખાસ તકેદારી રાખવામાં આવી રહી છે. કુપોષણ માટે રાજય સરકાર કરોડો રૂપીયાનો ખર્ચ કરે છે. ગાંધીનગર હોસ્પિટલને કોર્પોરેટ લુક પાછળ કરોડો રૂપીયાનો ખર્ચ કરાયો છે. સંકુલમાં એક એકથી ચઢિયાતા બિલ્ડીંગ આંખો આંજી દે તેવા બનાયા છે. પરંતુ દર્દીઓને મળતી સુવિધામાં તંત્ર ઉણુ ઉતર્યું હોય તેવુ લાગી રહ્યુ છે. ગાંધીનગર હોવાથી વી વીઆઈપી તેમજ નેતાઓ આવતા હોવાથી તેઓની સેવા ચાકરીથી હોસ્પિટલના અધિકારીઓ સંતોષ માનતા હોય તેવુ લાગી રહ્યું છે. આ પરિસ્થિતિ જોઈ ખુદ હોસ્પિટલ તંત્ર બેદરકાર છે તે છતુ થાય છે.




● અનુસંધાન પાના - ૭ પર



# મંત્રીઓના જ-માર્ગ પર ‘પાર્ટી ઓન વ્હીલ’ વધી...!

## જ માર્ગ પર સ્કોચ, વ્હીસ્કી, રમ, વોડકા અને બીયરની સંખ્યાબંધ ખાલી બોટલો : ચાલુ ગાડીએ પાર્ટી કરી રોડની બાજુમાં બોટલ ફેંકી દેવાતી હોવાની શકયતા

અતિ સુરક્ષીત અને મંત્રીઓના માર્ગ તરીકે ગણાતા જ માર્ગ પર બબ્બે મીનીટના અંતરે દારૂ-બિયરની ખાલી બોટલો રસ્તાની બાજુમાં પડેલી જોવા મળે છે. એટલે કે જયાંથી મુખ્યમંત્રી-રાજયપાલ સહિત તમામ મંત્રીઓની સતત અવરજવરને પગલે ભારે પોલીસ બંદોબસ્ત ગોઠવાય છે તે જ રોડ પર દારૂ પીવાય છે. જ માર્ગ પર સંખ્યાબંધ બિયરના ટીન બોટલ અને વ્હીસ્કી, સ્કોચ, રમ, વોડકાના ખાલી ખોખા તથા બોટલો પડેલી નજરે ચઢે છે આ જોતા સ્પષ્ટ કહી શકાય કે આ માર્ગ પર ‘પાર્ટી ઓન વ્હીલ’ હોટ ફેવરેટ છે અને દારૂ-બિયર ચાલુ વાહને ગટગટાવીને રસ્તાની બાજુમાં ખાલી બોટલો ફેંકી દેવાય છે...!!

# ૯ ઓગષ્ટે રજા જાહેર કરી આદિવાસી વિસ્તારોમાં સાંસ્કૃતિક કાર્યક્રમ યોજો

ગાંધીનગર, તા. ૨૫

સંયુક્ત રાષ્ટ્ર યુ.એન.એ. દ્વારા ૯મી ઓગષ્ટને વિશ્વ આદીવાસી દિવસ ઘોષિત કરવામાં આવેલ છે. અને વિશ્વમાં ૧૯૧ દેશોમાં તેની ધામધૂમથી ઉજવણી તેમજ વિવિધ કાર્યક્રમો દ્વારા ઉજવણી કરવામાં આવે છે.

ગુજરાત પ્રદેશ પંચાયત પરિષદના અધ્યક્ષ રાજેન્દ્ર પારધી દ્વારા રાજયના મુખ્યમંત્રી, વડાપ્રધાન, કેન્દ્રીય આદિજાતિ મંત્રી તેમજ રાજ્યના આદિજાતિ મંત્રીને રજુઆત કરવામાં આવી છે કે રાજ્યમાં કુલ વસ્તીની ૧૫ ટકા જેટલી આદિજાતિની હોઈ તે સંદર્ભમાં રાજ્ય સરકાર દ્વારા આ દિવસે અન્ય સમાજને જે રીતે સામાજિક રજા આપવામાં આવે છે તેમ આ દિવસે જાહેર રજા આપવી જોઈએ તેમજ આ દિવસે રાજ્ય સરકાર દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવું જોઈએ. આદિજાતિ વિસ્તારમાં વિશેષ કામગીરી કરનાર પદાધિકારી-અધિકારીઓનું રાજ્ય સરકાર દ્વારા સન્માન કરવું જોઈએ. ટ્રાયબલ વિસ્તારની કોલેજ અને શાળાઓમાં મહોત્સવ-પ્રદર્શન-સેમીનારનું આયોજન રાખવું જોઈએ. આદિજાતિ સમાજ દ્વારા પર્યાવરણ થયેલ જતન અંગે જાણકારી લોકો સુધી પહોંચાડવી જોઈએ. આદિજાતિ દ્વારા આયુર્વેદિક વિજ્ઞાન અને વન્ય વનસ્પતિઓ દ્વારા જે સંશોધન થયેલ છે તેનો વિજ્ઞાપન દ્વારા વ્યાપ કરવો જોઈએ. તેમજ રાજ્ય સરકારના યુવા-સાંસ્કૃતિક વિભાગ દ્વારા મેળા-ઉત્સવો થવા જોઈએ તેવી અમારી માંગણી અને લાગણી છે તેવી રજુઆત ગુજરાત પ્રદેશ પંચાયત પરિષદના અધ્યક્ષ દ્વારા કરવામાં આવેલ છે.



# બ્રહ્મસમાજના ૧૫ યુવાનોને સે-૧ પાસેથી પોલીસે ડીટેઈન કર્યા

આમ આદમી પાર્ટીની સંગીતા ભાજપને બદલે બ્રાહ્મણ શબ્દ પ્રયોગ કરી દઈને વિવાદના વમળોમાં ફસાઈ હતી ત્યાર બાદ બ્રાહ્મણોની માફી માંગી ‘સ્લીપ ઓફ ટંગ’ હોવાનું જણાવ્યું હતું. આપ દ્વારા સંગીતાને સસ્પેન્ડ કરવામાં આવી હતી. જો કે કેજરીવાલ ગુજરાત આવ્યા ત્યારે સંગીતા સાથેના કેજરીવાલના ફોટો વાયરલ થતા બ્રહ્મસમાજના અમદાવાદના યુવાનો વિરોધ પ્રદર્શન કરવા બાઈકો લઈને ગાંધીનગર આવી પહોંચ્યા હતા. આજે સવારે આપનું-૧ ખાતેનું જુનું કાર્યાલય હાલ પણ કાર્યરત હોવાનું માનીને ટોળું તોડફોડ કરવા આવી પહોંચ્યું હતું. પરંતુ સે-૭ પોલીસે તમામ ૧૫ જેટલા યુવાનોની અટકાયત કરી કાર્યવાહી આરંભી હતી.

# દલિતો પર થતા અત્યાચારની ચર્ચા માટે વિધાનસભાનું ખાસ સત્ર બોલાવવાની માંગ કરતા શૈલેષ પરમાર

ગાંધીનગર, તા. ૨૫

ઉના કાંડ તેમજ દલિતો પર થતાં અત્યાચારોની ચર્ચા માટે વિધાનસભાનું ખાસ સત્ર બોલાવવાની માંગણી કોંગ્રેસના ધારાસભ્ય શૈલેષ પરમારે કરી છે.

કોંગ્રેસના ધારાસભ્ય શૈલેષ પરમારે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ અને રાજયના મુખ્યમંત્રીને એક પત્ર લખીને દલિતો પર થતાં અત્યાચારના બનાવોની ચર્ચામાં વિધાનસભાનું ખાસ સત્ર બોલાવવાની માંગણી કરી છે.

તેમણે જણાવ્યું હતુ કે રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ અત્યંત કથળી ગઈ છે. રાજ્યમાં દલિત સમાજ ઉપર અત્યાચારના બનાવો અચાનક વધી ગયા છે. ઉના તાલુકાના મોટા સમઢીયાળા ગામે બનેલ બનાવ તેનું તાદશ ઉદાહરણ છે. મોટા સમઢિયાળા ગામે દલિત સમાજના નિર્દોષ વ્યક્તિઓને અસામાજીક તત્વો દ્વારા ઢોર માર મારવામાં આવેલ જેનો પડઘો દેશની લોકસભા સુધી પડ્યો છે. દલિત સમાજના વ્યક્તિઓને મંદિરોમાં પ્રવેશ આપવામાં આવતો નથી અને તેમની સાથે ઓરમાયુ વર્તન રાખવામાં આવે છે એમ શૈલેષ પરમારે જણાવ્યું હતું.

# વાવોલની એમ.બી. પટેલ વિદ્યાલયનો સુવર્ણ જયંતિ મહોત્સવ ભવ્ય રીતે ઉજવાશે

## વાવોલ વિદ્યાલયને ટેકનીકલ યુનિવર્સિટી બનાવવા આયોજન : પોપટલાલ પટેલ

ગાંધીનગર, તા.૨૫

વાવોલની શ્રી એમ.બી. પટેલ સાર્વજનિક વિદ્યાલયને ૫૦ વર્ષ પૂરા થતાં સુવર્ણ જયંતિ મહોત્સવ ભવ્ય રીતે ઉજવવા માટે પ્રમુખ પોપટલાલ પટેલના અધ્યક્ષ સ્થાને સમસ્ત ગામ આગેવાનો સાથે એક બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં ગ્રામજનો તેમજ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતાં.

આજથી ૫૦ વર્ષ પહેલા વાવોલમાં શ્રી એમ.બી. પટેલ સાર્વજનિક વિદ્યાલયની સ્થાપના જુન ૧૯૬૭માં કરવામાં આવી હતી. સ્વ. મોતીભાઈ બકોરભાઈ પટેલ અને ગ્રામ આગેવાનોના સહકારથી દિકરીઓને ઘર આંગણે ઉચ્ચ શિક્ષણ મળી રહે તે હેતુથી શાળાની સ્થાપના કરવામાં આવી છે તેમ પ્રમુખ પોપટલાલ પટેલે જણાવ્યું હતું. તેમણે વાવોલના વિકાસને ધ્યાનમાં લઈ ગામમાં ટેકનીકલ યુનિવર્સિટી સ્થાપવાની ઈચ્છા વ્યકત કરી હતી.

આ પ્રસંગે સહમંત્રી અમરસિંહ ગોલે જણાવ્યું હતું કે હવે દરેક દિકરા દિકરીને પૂરી સગવડ સાથે અભ્યાસની સુવિધા મળી છે જેથી શિક્ષણનો વ્યાપ દરેક ગામ-જિલ્લામાં વિસ્તાર પામ્યો છે. શાળાના મંત્રી રઘુસિંહ ગોલ, જિલ્લા પંચાયતના સભ્ય જે.ડી. ચારેલ, પૂર્વ શિક્ષક ઈન્દ્રવદન પંડયા, સુરતથી ખાસ આવેલા પૂર્વ વિદ્યાર્થી ચંપકભાઈ આર. ભટ્ટ, જાણીતા કટારલેખક નટવરભાઈ હેડાઉ વગેરેએ મોટી સંખ્યામાં હાજર રહી પ્રાસંગિક પ્રવચન કર્યા હતા. જયારે સુવર્ણ જયંતીના પ્રમુખ વિનોદ રાઠોડે કાર્યક્રમની રૂપરેખા આપી કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

આ પ્રસંગે મંડળના ઉપપ્રમુખ કુબેરસિંહ ગોલ, ઈશોકભાઈ શ્રોફ, ગીરીશભાઈ પટેલ, રામસિંહ ગોલ, રમેશભાઈ પટેલ, ચિમનભાઈ શ્રોફ, પૂર્વ પી.આઈ. ઘનશ્યામસિંહ ગોલ, ભાજપ અગ્રણી શૈલેશભાઈ પટેલ, ડેપ્યુટી સરપંચ એમ.આર. પટેલ, ભાનુપ્રસાદ ભટ્ટ, રમેશભાઈ ભટ્ટ, દશરથભાઈ પટેલ, જોશીદાદા, વ્યાસભાઈ, સી.કે. પટેલ, શેખ શેરમહંમદ એફ., મહેબુબભાઈ શેખ, ભૂપતસિંહ સગર, વાવોલ ગ્રામ પંચાયતના તલાટી શ્રીમતી જયશ્રીબેન ઠાકોર, સુથાર બાબુભાઈ, પૂર્વ મામલતદાર સી.એમ. પટેલ, પ્રાથમિક શાળાના આચાર્ય જાગૃતિબેન જાની, સોનલબેન ગોલ, પૃથ્વીભાઈ શાહ, મુખ્યમંત્રીના ભૂતપૂર્વ મદદનીશ પીઆરઓ અને સહાયક માહિતી નિયામક રોહિતભાઈ દવે, માર્ગ અને મકાન વિભાગના નાયબ નગર નિયોજક કનુભાઈ સુથાર, રણછોડભાઈ આદરભાઈ પટેલ, પત્રકાર ધર્મિષ્ઠાબેન શર્મા વગેરેએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી સ્વર્ણીમ જયંતિ ઉજવવાનું આયોજન કરવામાં સૌને સાથ સહકાર આપવાની ખાત્રી આપી હતી.



આકાશ ઈન્ફ્રાસ્ટ્રકચરના જાણીતા કોન્ટ્રાકટર અને શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી અંબુસિંહ ગોલ, પૂર્વ તાલુકા પંચાયતના પ્રમુખ વિક્રમસિંહ ગોલ, સરપંચ કમલેશસિંહ ગોલ વિગેરેએ સફળતા માટે શુભેચ્છા પાઠવી હતી. શાળાના આચાર્ય બળદવભાઈ પટેલે સ્વાગત પ્રવચન કર્યું હતું અને જી.કે. પટેલે આભારવિધિ કરી હતી.

# નગરને પ્લાસ્ટીક મુકત કરવા શહેર વસાહત મંડળની ગાંધીગીરી

ગાંધીનગર, તા.૨૫

સ્વચ્છ ભારત મીશન અંતર્ગત અનેકવિધ કાર્યક્રમો ગાંધીનગર શહેરમાં હાથ ધરવામાં આવી રહ્યા છે. જેના ભાગરૂપે આજે ગાંધીનગર દેશમાં ૪૨માં ક્રમે સ્વચ્છતાના સંદર્ભમાં આવી ચુકયુ છે ત્યારે નાગરિકોનો સાથ સહકાર મેળવી પ્રથમ દશ ક્રમમાં લાવવા માટે ગાંધીનગર શહેર વસાહત મહામંડળ, જયોતિ મહિલા મંડળ અને અરુણોદયના આર્થિક સહયોગથી શહેરને પ્લાસ્ટીક મુકત કરવાનું અભિયાન હાથ ધરાયું છે. આ અભિયાન અંતર્ગત શનિવારના રોજ સાંજના શાકભાજી ખરીદવા આવતા નગરજનો પાસેથી વિનંતી કરી પ્લાસ્ટીક બેગ લઈ તેના બદલામાં વિના મુલ્યે પ્રદુષણ મુકત થેલી આપવામાં આવી હતી. અરુણોદય ટ્રસ્ટના સહયોગથી પ્રદુષણ મુકત બેગોનું વિતરણ કરાયું હતું તેમજ શાકમાર્કેટમાંથી મોટી સંખ્યામાં પ્લાસ્ટીક બેગો એકત્ર કરી શાકમાર્કેટને પ્લાસ્ટીક મુકત કર્યુ હતું. આ સંસ્થાઓ દ્વારા ગાંધીગીરી કરી નાગરિકોને પ્લાસ્ટિકનો ઉપયોગ ન કરવા સમજાવવામાં આવ્યા હતા. શોપિંગ સેન્ટરના વેપારીઓ સાથે ફેરી કાઢી નગરને પ્લાસ્ટીક મુકત કરવા જાગૃત કરાયા હતા. ગાંધીગીરીના આ કાર્યક્રમમાં શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરુણ બુચ, સીતારામ પટેલ, કિશોર જીકાદરા તેમજ જયોતિ મહિલા મંડળના પ્રમુખ લતાબેન ચોકસી, પુષ્પાબેન મહેતા, ચેતના બુચ સહિતના આગેવાનો જોડાયા હતા. આ ઝુંબેશ દરમિયાન મહાનગરપાલિકાના સેનીટેશન સુપ્રિટેન્ડન્ટ એસ.એમ. ચૌધરી, ફાયર ઓફીસર મહેશ મોડે પણ પ્લાસ્ટીક બેગોનો ઉપયોગ કરતા વેપારીઓ પાસેથી મોટી સંખ્યામાં થેલીઓ કબજે કરી હતી.

## ખૂણે ખાંચરેથી...

● જિલ્લા પંચાયત દ્વારા ખેત ગણના અને દફતર અદ્યતનીકરણને લઈ આજે આંબેડકર હોલમાં તાલિમ યોજવામાં આવી હતી.

● ગાંધીનગર જિલ્લા પંચાયતમાં આજે બીજે માળે વધુ એક વખત વીજપુરવઠો ખોરવાઈ ગયો હતો. પંચાયતમાં છેલ્લા એક મહિનાથી પણ વધુ સમયથી બીજા માળે રોજેરોજ વીજપુરવઠો ખોરવાતો રહ્યો હોવાથી કર્મચારીઓની કામગીરી પર વિપરીત અસરો પડી રહી છે.

● ગાંધીનગર જિલ્લાના વધુ ૧૦ ગામોમાં આજે ગ્રામ સંવાદ સેતુ કાર્યક્રમ યોજાશે.

● હવે હરિયાળુ ગામ બનાવવા માટેની જવાબદારી ગ્રામ વિકાસ એજન્સીને સોંપવામાં આવી છે. જે અંતર્ગત દરેક ગામમાં ૬૦૦ જેટલા વૃક્ષોનું વાવેતર અને જતનની જવાબદારી ગ્રામજનોને સોંપાશે.

● ઓગષ્ટ મહિનામાં આવી રહેલી રજાઓને લઈ કર્મચારીઓ દ્વારા પ્રવાસ આયોજનો થઈ રહ્યા છે.

● ૧૫મી ઓગષ્ટની જિલ્લાકક્ષાની ઉજવણી માણસા ખાતે કરવામાં આવશે. આ માટે તંત્ર દ્વારા તૈયારીઓ હાથ ધરવામાં આવી છે.

● રાજ્ય કર્મચારી સંકલન સમિતિ દ્વારા આધાર કાર્ડનો કેમ્પ જુના સચિવાલય ખાતે આજથી આરંભાયો છે જે ૨૯મી જુલાઈ સુધી ચાલશે.

● ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા દમન પ્રતિકાર ધરણાં સત્યાગ્રહ છાવણી ખાતે યોજવામાં આવ્યા છે.

● ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં આજે કોલેરા પોઝીટીવનો એક કેસ નોંધાયો છે. જે હાંસોલનો રહીશ હોવાનું જાણવા મળેલ છે. દર્દીની તબિયત સારી હોવાનું હોસ્પિટલના સૂત્રોએ જણાવ્યું છે.

## રાષ્ટ્રીય અને રાજ્યકક્ષાના દિવ્યાંગ પારિતોષિક માટે અરજીઓ મંગાવાઈ

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર જિલ્લા માટેના વર્ષ-૨૦૧૬ના રાષ્ટ્રીય અને રાજ્યકક્ષાના દિવ્યાંગ પારિતોષિક મેળવવા માટે શારીરિક ક્ષતિ ધરાવતા શ્રેષ્ઠ કાર્યક્ષમ વ્યક્તિઓ/ સ્વરોજગાર કરતી દિવ્યાંગ વ્યક્તિઓ, દિવ્યાંગોને નોકરી રાખનાર શ્રેષ્ઠ નોકરીદાતાઓ અને દિવ્યાંગ વ્યક્તિઓ થાળે પાડવાની કામગીરી કરતાં શ્રેષ્ઠ પ્લેસમેન્ટ ઓફિસર્સ પાસેથી અરજી મંગાવવામાં આવી છે. અરજીનો નમુનો વેબસાઈટ www. employment. gujarat. gov.in પરથી તથા જિલ્લા રોજગાર કચેરી, પ્રથમ માળ, સહયોગ સંકુલ, સેક્ટર-૧૧, ગાંધીનગર ખાતેથી વિના મૂલ્યેતા. ૩૧મી જુલાઈ, ૨૦૧૬ સુધી આપવામાં આવશે. તેમજ ભરેલ અરજી પત્રકો ઉક્ત કેટેગરીમાં ભાગ લેવા માંગતા અને રસ ધરાવતા વ્યક્તિઓ/ કંપનીઓ સાધનિક દસ્તાવેજોના બિડાણો સહિત બે નકલમાં જિલ્લા રોજગાર વિનિમય કચેરી, પ્રથમ માળ, સહયોગ સંકુલ, સેક્ટર-૧૧, ગાંધીનગર ખાતે તા. ૪ ઓગષ્ટ, ૨૦૧૬ સુધીમાં રૂબરૂ અથવા ટપાલ મારફતે મોકલી શકાશે તેવું રોજગાર અધિકારીએ જણાવાયું છે.